# બનાસની શક્તિ

## માત્ર દૂધનું ઉત્પાદન જ નહીં, પણ સમૃદ્ધિનું સર્જન કરે છે



Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૩૪ | નવેમ્બર - ૨૦૨૫

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીને કરાઈ રાષ્ટ્રપતિના શુભહસ્તે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય જળ પુરસ્કારથી સન્માનિત**

**સહકાર દ્વારા સમૃદ્ધિ અને શિક્ષણ: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે ગાંધીનગર ખાતે 'બનાસ કેરિયર એકેડમી' નો શુભારંભ**

**બનાસ ડેરી અને BBSSL વચ્ચે થયા ખેડૂતલક્ષી સમજૂતી કરાર, બટાકાની વેલ્યુ ચેઈન મજબૂત કરીને કૃષિ ક્રાંતિ તરફ પહેલ**





# બનાસ ડેરીને રાષ્ટ્રપતિના હસ્તે 'બેસ્ટ સિવિલ સોસાયટી' નો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય જળ પુરસ્કાર

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે શ્રમ શક્તિ ભવન, નવી દિલ્હી ખાતે છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કારો (6th National Water Awards - NWA) ૨૦૨૪ ના વિજેતાઓની યાદી જાહેર કરી હતી, જેમાં જળ સંરક્ષણ ક્ષેત્રે જનભાગીદારી દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ, બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (બનાસ ડેરી) ને 'બેસ્ટ સિવિલ સોસાયટી' શ્રેણીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે.

બનાસ ડેરીને જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'નેશનલ વોટર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના હસ્તે ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. તેમણે આ એવોર્ડને બનાસકાંઠાના લાખો દૂધ ઉત્પાદકોની મહેનતને સમર્પિત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રયાસોના પરિણામે, જિલ્લાના અનેક વિસ્તારોમાં જ્યાં પાણીના સ્તર ખૂબ નીચા હતા, ત્યાં ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. જેનાથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહ્યું છે અને પશુપાલન તથા કૃષિ ક્ષેત્રે વિકાસ શક્ય બન્યો છે. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં ૩૨૫થી વધુ તળાવો અને 30,000થી વધુ શોષકૂવાનું નિર્માણ સામેલ છે. બનાસ ડેરીએ તેના પ્રોસેસિંગ પ્લાન્ટ્સમાં પણ પાણીના પુનઃઉપયોગ માટે અત્યાધુનિક રિસાયક્લિંગ સિસ્ટમ્સ સ્થાપીને પાણીનો બગાડ અટકાવવામાં નવી પહેલ કરી છે.

આ પ્રતિષ્ઠિત પુરસ્કારો, જે જળ શક્તિ મંત્રાલય દ્વારા આપવામાં આવે છે, તે જળ સંરક્ષણ, વ્યવસ્થાપન અને ટકાઉ પ્રથાઓમાં અપવાદરૂપ યોગદાનને માન્યતા આપે છે. બનાસ ડેરીને મળેલો આ એવોર્ડ, 'જલ સમૃદ્ધ ભારત' ના વિઝનને સાકાર કરવાના તેમના પ્રયાસોને સન્માનિત કરે છે.



**બનાસ જળશક્તિ અભિયાન: જળસંચયની ક્રાંતિ**

બનાસ ડેરીને આ સિદ્ધિ તેમના વિસ્તૃત "બનાસ જળશક્તિ અભિયાન" ને કારણે મળી છે, જે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા શરૂ કરાયેલા "Catch the Rain" અભિયાનથી પ્રેરિત છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દ્રઢ નેતૃત્વમાં, ડેરીએ રાજ્ય સરકારની સહભાગીતાથી "ખેતરનું પાણી ખેતરમાં" અને "ગામનું પાણી ગામમાં" સંકલ્પ સાથે જળ સંચયની ક્રાંતિ શરૂ કરી છે.

**જળસંચય અભિયાનથી આવ્યું ટકાઉ પરિવર્તન**

છેલ્લા એક દાયકામાં, બનાસ ડેરીએ જળસંગ્રહને પ્રાથમિકતા આપીને 325થી વધુ નવા તળાવો અને ચેકડેમોનું નિર્માણ કરાવ્યું છે.

**મુખ્ય પરિણામો:**

**પાણીના અભાવમાં ઘટાડો:**
આ અભિયાનના પરિણામે બનાસકાંઠા જિલ્લામાં પાણીનો અભાવ અને ઘટી રહેલા ભૂગર્ભ જળસ્તરની સમસ્યા ઘણી હદ સુધી દૂર થઈ છે.

**સિંચાઈ માટે પૂરતું પાણી:**
જે વિસ્તારોમાં અગાઉ બોરવેલમાં પાણી મળતું ન હતું, ત્યાં આજે સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ છે.

**કૃષિ અને પશુપાલનમાં સુધારો:**
પાણીની ઉપલબ્ધતા વધતા કૃષિ ઉત્પાદન અને પશુપાલનની ગુણવત્તામાં વધારો થયો છે.

બનાસ ડેરીની આ વ્યૂહરચના, જે ચોમાસાના પાણીનું સંરક્ષણ કરીને તેને તળાવો સુધી પહોંચાડે છે, તે અનેક ગામો માટે જીવદાતા સાબિત થઈ છે. બનાસકાંઠાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલું આ કાર્ય હવે અન્ય જિલ્લાઓ માટે પણ પ્રેરણાનો સ્રોત બની રહ્યું છે.

**બૃહદ બનાસકાંઠામાં ૩૨૫ અમૃત સરોવર**

વર્ષ ૨૦૨૧-૨૪ દરમિયાન બૃહદ બનાસકાંઠાના ૧૬ તાલુકાઓમાં કુલ ૩૨૫ તળાવોનું નવનિર્માણ, ઊંડા અને મોટા કરવામાં આવ્યા છે. આ તળાવો માત્ર પાણી માટેની વ્યવસ્થા નથી, પરંતુ તે ગ્રામીણ કૃષિ, પશુપાલન અને પર્યાવરણ માટે આધારસ્તંભરૂપ બન્યા છે. આ અભિયાનના પરિણામે આજે ભૂગર્ભજળના સ્તર ઊંચા આવ્યા છે, પાણીની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે, અને વરસાદી પાણીના અસરકારક વ્યવસ્થાપનને કારણે પાણીના વ્યયમાં ઘટાડો થયો છે. આ "બનાસ જળશક્તિ અભિયાન" ધરતીને જળથી સમૃદ્ધ બનાવવા માટે સર્વે પ્રજાજનોને એકતાના તાંતણે બાંધનારી એક મહત્વપૂર્ણ પહેલ બની ગયું છે.




**ખેતરે ખેતરે શોષ કૂવાઓનું નિર્માણ**

જળસંકટની પરિસ્થિતિનો સામનો કરવા અને ભૂગર્ભજળને રિચાર્જ કરવા માટે, બનાસ ડેરીએ જનભાગીદારીથી "બનાસ જળશક્તિ અભિયાન" અંતર્ગત જિલ્લામાં ગામે ગામ શોષ કૂવાઓનું નિર્માણ શરૂ કર્યું છે. આ યોજના હેઠળ, દૂધ ઉત્પાદકોને તેમના ખેતરના નીચાણવાળા ભાગમાં ૪ x ૪ x ૬ ફૂટના શોષ કૂવાના નિર્માણ માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. ૪,૭૫૦/- માંથી ૫૦% એટલે કે રૂ. ૨,૩૭૫/- ની આર્થિક સહાય ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ/બનાસ ડેરી દ્વારા સીધી તેમના બેંક ખાતામાં આપવામાં આવે છે. આ પ્રયાસથી વરસાદી પાણી જમીનમાં ઉતારવાનો પ્રયાસ સાર્થક નીવડ્યો છે અને અતિભારે વરસાદમાં ખેડૂતોના ખેતરના પાળાને થતું નુકસાન પણ અટક્યું છે.

બનાસ ડેરીની આ જળ સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવતા, આગામી નવેમ્બર 18, 2025 ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે બનાસ ડેરીના પ્રતિનિધિઓ દ્વારા આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.

આ સન્માન સમગ્ર બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવની ક્ષણ છે, જે દર્શાવે છે કે સહકારી શક્તિ અને જનભાગીદારી થકી જળ સંરક્ષણ જેવું મહાન કાર્ય સફળતાપૂર્વક પાર પાડી શકાય છે.

સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રના અગ્રણી તરીકે, બનાસ ડેરી દ્વારા પાણીના અસરકારક ઉપયોગ, વરસાદી પાણીના સંગ્રહ અને જળ વ્યવસ્થાપન માટે કરવામાં આવેલ વ્યાપક અને નોંધપાત્ર પ્રયાસોને આ રાષ્ટ્રીય સન્માન મળ્યું છે. આ એવોર્ડ બનાસ ડેરીની ખેડૂતો અને સમાજ માટેની પ્રતિબદ્ધતાને વધુ એક વખત ઉજાગર કરે છે, અને જળ સંસાધનોના સંરક્ષણ અને વ્યવસ્થાપન પ્રવૃત્તિઓમાં મજબૂત ભાગીદારી તથા લોકોની ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તક પૂરી પાડે છે.



### બનાસ મોડલ: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની દીર્ઘદૃષ્ટિથી જિલ્લાનું સશક્તિકરણ

બનાસ ડેરીનો મુખ્ય ઉદ્દેશ્ય હંમેશાં ખેડૂતો અને પશુપાલકોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો રહ્યો છે. આ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અનેક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે, જેને આજે 'બનાસ મોડલ' તરીકે ઓળખવામાં આવે છે. આ મોડેલે જળસંચય, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્તમ પશુ આરોગ્ય સેવાઓ, અદ્યતન દૂધ પ્રક્રિયા, અને ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં ડેરીને અત્યંત સશક્ત બનાવી છે. આ જ દુરંદેશીના કારણે, બનાસકાંઠા આજે દેશના અગ્રણી પશુપાલન કેન્દ્રોમાંનું એક ગણાય છે.

રાષ્ટ્રપતિના શુભહસ્તે એવોર્ડ સ્વીકારતી વખતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "આ સન્માન બનાસકાંઠાના લાખો દૂધ ઉત્પાદક, ખેડૂતો અને પશુપાલકોની સામૂહિક નિષ્ઠા અને પરિશ્રમનું ફળ છે." તેમણે જળસંચયના મહત્ત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, "પાણી વિના જીવન શક્ય નથી, અને જીવન વિના દૂધનું ઉત્પાદન શક્ય નથી – આથી જ અમે જળસંચયને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ પુરસ્કાર અમને આ ક્ષેત્રમાં વધુ ગહન અને વ્યાપક કાર્ય કરવા માટેની પ્રેરણા પૂરી પાડે છે."






# ડેરી ક્ષેત્ર માટે બનાસ ડેરી 'શીખવા માટેની એક સાચી પ્રયોગશાળા' છે :

## NDDB ના ચેરમેન શ્રી ડૉ. મીનેશભાઈ શાહ

### NDDBના ચેરમેન ડૉ. મીનેશભાઈ શાહ દ્વારા બનાસ ડેરીના પ્રગતિશીલ કાર્યોની સરાહના

NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ) ના ચેરમેન, ડૉ. શ્રી મીનેશભાઈ શાહે તાજેતરમાં બનાસ મિલ્ક યુનિયન (બનાસ ડેરી) ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે તાલીમ કાર્યક્રમના ભાગરૂપે વિગતવાર વાતચીત કરી હતી. આ બેઠક દરમિયાન, તેમણે બનાસ ડેરીને એક આદર્શ સહકારી સંસ્થા તરીકે બિરદાવી હતી. તેમણે ડેરીની પ્રગતિશીલ પહેલો અને વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો, જે દેશભરની અન્ય ડેરી સહકારી સંસ્થાઓ માટે પ્રેરણારૂપ છે.

### નવીનતા અને વૈવિધ્યકરણના પ્રશંસક

ડૉ. શ્રી મીનેશભાઈ શાહે મૂલ્યવર્ધન, ઓર્ગેનિક ઉત્પાદન અને ખાતરની પહેલોને પ્રોત્સાહન આપવાના ડેરીના પ્રયાસોની વિશેષ પ્રશંસા કરી હતી, અને બનાસ ડેરીને ડેરી ક્ષેત્ર માટે 'સાચી શીખવાની પ્રયોગશાળા' (true learning laboratory) ગણાવી હતી. તેમણે બનાસ ડેરીના ઓર્ગેનિક ખાતર અને મલ્ટી-પ્રોડક્ટ ઓર્ગેનિક સાહસોનો ઉલ્લેખ કર્યો હતો અને દેશની સહકારી સંસ્થાઓમાં તેના જેવા મોડેલોનું અનુકરણ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વધુમાં સૂચન કર્યું હતું કે અસરકારક પરિણામો હાંસલ કરવા માટે NDDB અને બનાસ ડેરીએ સાથે મળીને કામ કરવું જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે NDDB, સુઝુકી R&D સેન્ટર ઇન્ડિયા સાથે મળીને બાયોગેસની પહેલને પ્રોત્સાહન આપી રહ્યું છે, અને ગુજરાતમાં નવ CBG (કોમ્પ્રેસ્ડ બાયોગેસ) પ્લાન્ટ સ્થાપવા માટે કરારો શરૂ કરવામાં આવ્યા છે. ડૉ. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે NDDB સતત સહકારી પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય લાવવાનો પ્રયાસ કરે છે અને દરેક હસ્તક્ષેપમાં સહકારી સભ્યોની ભૂમિકા કેન્દ્રમાં રહેવી જોઈએ. સતત નવીનતાના મહત્વ પર ભાર મૂકતા, તેમણે નોંધ્યું હતું કે NDDBએ ડેરી ચેઇનમાં કાર્યક્ષમતા અને ટકાઉપણું વધારવા માટે અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી છે.







**સહકારી પ્રયાસો પર ભાર**

ત્યારબાદની ચર્ચાઓમાં, ડૉ. શાહે ભારતીય બીજ સમૃદ્ધિ સહકારી સમિતિ લિ. (ભારતીય બીજ) જેવી ઉભરતી બહુરાજ્ય સહકારી પહેલોનો ઉલ્લેખ કર્યો હતો અને ઘાસચારો, ફીડ અને ઇનપુટ સપ્લાયના ક્ષેત્રોમાં સબસિડી અને સક્ષમ માળખા દ્વારા સમર્થિત સંકલિત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે ડેરી ઉદ્યોગમાં મહિલાઓની ભાગીદારીના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં શ્રીજા જેવા ઉદાહરણો ટાંક્યા હતા, અને ડેરીની ઉત્પાદકતા અને સ્થિતિસ્થાપકતા સુધારવાના ઉદ્દેશથી NDDBના જનરિક બ્રાન્ડિંગ, TMR (કુલ મિશ્રિત રાશન), અને ઘાસચારાના વિકાસની પહેલો વિશે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમો ડિરેક્ટર્સ બોર્ડની ભૂમિકાઓ અને જવાબદારીઓ પર વધુ સ્પષ્ટતા લાવવામાં મદદ કરશે, જેનાથી ડેરી સહકારી સંસ્થાઓ સહકાર અને જવાબદારીના સિદ્ધાંતો દ્વારા સંચાલિત, સાચા ખેડૂત-માલિકીની અને ખેડૂત-સંચાલિત સંસ્થાઓ તરીકે કાર્ય કરે તે સુનિશ્ચિત થશે.





# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં આણંદ ખાતે NDDB દ્વારા બનાસ ડેરીના નિયામક મંડળનો અભ્યાસ વર્ગ યોજાયો

આણંદ ખાતે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) ના પરિસરમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ડેરીના નિયામક મંડળનો એક વિગતવાર અભ્યાસ વર્ગ યોજાયો હતો. આ મહત્વપૂર્ણ સત્રનો મુખ્ય હેતુ દેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ડેરી ઉદ્યોગ સમક્ષ રહેલા વર્તમાન પડકારોને સમજવાનો અને બનાસકાંઠાના હજારો પશુપાલકોના વ્યવસાયમાં ભવિષ્યમાં ઉપલબ્ધ થનારા નવા અવસરોની તકોને ઓળખવાનો હતો. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વૈશ્વિક બજારના પ્રવાહો, ઓર્ગેનિક ડેરી ઉત્પાદનોની વધતી માંગ અને ઉચ્ચ મૂલ્યવર્ધિત પ્રોડક્ટ્સના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને પશુપાલકો માટે આવક વધારવાના નવા માર્ગો પર ભાર મૂક્યો હતો.





આ અભ્યાસ વર્ગના ભાગરૂપે, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બનાસ ડેરીના નિયામક મંડળે આણંદ ખાતે આવેલા અમૂલના બોવાઇન બ્રીડિંગ સેન્ટરમાં સ્થિત IN-VITRO FERTILIZATION LAB ની પણ પ્રેરણાદાયી મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ડેરી ક્ષેત્રમાં પશુઓની ઓલાદ સુધારણા માટે અનુસરવામાં આવતી અત્યાધુનિક પદ્ધતિઓ અને વૈજ્ઞાનિક સંવર્ધનના સચોટ મોડેલોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનો હતો. નિયામક મંડળે ત્યાં પશુઓના ઉત્તમ આનુવંશિકતાને કેવી રીતે જાળવી શકાય, રોગ પ્રતિકારક શક્તિ કેવી રીતે વધારી શકાય અને પ્રતિ પશુ દૂધ ઉત્પાદકતા કેવી રીતે બમણી કરી શકાય તે વિશેની માહિતીનું આદાનપ્રદાન કર્યું હતું.



બનાસ ડેરીના વ્યાપક પશુધન વિકાસ કાર્યક્રમને વધુ સશક્ત બનાવવા માટે આ મુલાકાત અત્યંત ફળદાયી નીવડશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, આ અભ્યાસ વર્ગ અને ક્ષેત્રીય મુલાકાત એ વાતનો સ્પષ્ટ સંકેત આપે છે કે બનાસ ડેરી માત્ર સહકારી મંડળી નથી, પરંતુ તે તેના પશુપાલકોના વ્યવસાયને ટેક્નોલોજી, ગુણવત્તા અને વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે જોડીને વધુ ટકાઉ, નફાકારક અને સ્પર્ધાત્મક બનાવવા માટે સંકલ્પબદ્ધ છે. સમગ્ર સત્ર પશુપાલકોની આર્થિક સમૃદ્ધિના નવા યુગના નિર્માણ માટેના એક મજબૂત અને નિર્ણાયક રોડમેપની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું પૂરવાર થયું.



# બનાસ ડેરીની વૈશ્વિક છલાંગ: ઈઝરાયલની આધુનિક ટેકનોલોજીથી લખાશે સમૃદ્ધિનો નવો અધ્યાય

### બનાસ ડેરીની વિકાસયાત્રામાં ઈઝરાયલની અત્યાધુનિક ટેકનોલોજી અને બનાસની મહેનતનો સંગમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સક્ષમ નેતૃત્વમાં ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધો માત્ર રાજદ્વારી મૈત્રી પૂરતા સીમિત ન રહેતા, હવે ટેકનોલોજી, નવતર પ્રયોગો અને પ્રગતિના પાયા પર વધુ સુદ્રઢ બની રહ્યા છે. આ વૈશ્વિક મૈત્રીનો સીધો લાભ હવે બનાસકાંઠાના પશુપાલકો અને ખેડૂતોને મળવા જઈ રહ્યો છે. તાજેતરમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઈઝરાયલનો અભ્યાસ પ્રવાસ ખેડ્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ત્યાંની આધુનિક ખેતી પદ્ધતિ અને પશુપાલન ક્ષેત્રે થઈ રહેલી ક્રાંતિને પ્રત્યક્ષ નિહાળવાનો હતો.

### પરિવર્તન સાથે કદમ મિલાવતી બનાસ ડેરી

બનાસ ડેરીનો ઈતિહાસ સાક્ષી છે કે તેણે હંમેશા સમયની સાથે કદમ મિલાવીને પરિવર્તનના માર્ગે અગ્રેસર રહેવાનું પસંદ કર્યું છે. ઈઝરાયલ, જે દુનિયાભરમાં તેની "કૃષિ ક્રાંતિ" માટે જાણીતું છે, ત્યાં જઈને શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલન ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીના સમન્વય અને શ્રેષ્ઠ કામગીરીનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. આ પ્રવાસ માત્ર એક મુલાકાત નહોતી, પરંતુ ભવિષ્યમાં બનાસ ડેરીને વિકાસની નવી દિશામાં મક્કમતાથી આગળ લઈ જવાની એક રણનીતિ હતી.

### રણમાં ખેતી: એક ચમત્કારિક મોડેલ

ઈઝરાયલના પ્રવાસ દરમિયાન સૌથી આકર્ષક બાબત ત્યાંનું જળ વ્યવસ્થાપન અને રણપ્રદેશમાં ખેતી કરવાની પદ્ધતિ હતી. ઈઝરાયલના ખેડૂતોએ વિજ્ઞાન, ટેક્નોલોજી અને અવિરત મહેનતથી ખારાં પાણીવાળા દરિયાઈ પ્રદેશો તેમજ શુષ્ક રણપ્રદેશમાં પણ સફળ ખેતી શક્ય બનાવી છે. આ સિદ્ધિને વિશ્વભરમાં "વિશ્વ કૃષિ ચમત્કાર" તરીકે માનવામાં આવે છે. બનાસકાંઠાનો ભૌગોલિક વિસ્તાર પણ અમુક અંશે આવા જ પડકારો ધરાવે છે, તેથી આ અનુભવ આપણા માટે અત્યંત મૂલ્યવાન સાબિત થશે.







### ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝન અને સંબોધન

આ પ્રવાસ વિશે વાત કરતા અને ભવિષ્યની રૂપરેખા આપતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે "ઈઝરાયલની ધરતી પર પગ મૂકતા જ મને એ પ્રતીતિ થઈ કે મનુષ્યની ઈચ્છાશક્તિ અને ટેકનોલોજીનો સુમેળ થાય તો રણને પણ નંદનવનમાં ફેરવી શકાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને ઈઝરાયલ વચ્ચે જે સેતુ રચાયો છે, તેનો ઉપયોગ અમે અમારા બનાસના ખેડૂતોના ઉત્કર્ષ માટે કરવા માંગીએ છીએ.મેં ત્યાં જોયું કે કેવી રીતે પાણીના એક-એક ટીપાનો સદુપયોગ કરીને ત્યાંના ખેડૂતોએ ખારાશવાળી જમીનમાં પણ મબલખ ઉત્પાદન મેળવ્યું છે. પશુપાલનમાં પણ તેમણે ડેટા સાયન્સ અને ઓટોમેશનનો જે રીતે ઉપયોગ કર્યો છે તે અકલ્પનીય છે. મારો સંકલ્પ છે કે ઈઝરાયલની આ ‘બેસ્ટ પ્રેક્ટિસ’ અને આધુનિક ટેકનોલોજી આપણે બનાસકાંઠામાં લાવીએ.બનાસ ડેરીનો ઉદ્દેશ્ય માત્ર દૂધ એકત્ર કરવાનો નથી, પરંતુ અમારા પશુપાલકો અને ખેડૂતોને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ અને જ્ઞાન પૂરું પાડવાનો છે. આ પ્રવાસમાં પ્રાપ્ત થયેલું જ્ઞાન આવનારા સમયમાં આપણી ડેરીની કાર્યક્ષમતા વધારશે અને બનાસના ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરશે. અમે સમય સાથે માત્ર ચાલવા નથી માંગતા, પણ સમયથી એક ડગલું આગળ રહીને પરિવર્તનના સારથિ બનવા માંગીએ છીએ."બનાસ ડેરી હંમેશાં ખેડૂતોના કલ્યાણ માટે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ કૃષિ મોડેલોનો અભ્યાસ કરી, તેને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર અમલમાં મૂકવાની દિશામાં કાર્યરત રહી છે. શ્રી શંકરભાઈ ચૌધરીના આ ઈઝરાયલ પ્રવાસથી મળેલું જ્ઞાન બનાસકાંઠાના ખેડૂતો માટે "ગેમ ચેન્જર" સાબિત થશે અને શ્વેતક્રાંતિની સાથે હવે કૃષિ ક્રાંતિના નવા દ્વાર ખોલશે.





# ભારત-ઇઝરાયલ CEO ફોરમ

## બે દેશ, એક લક્ષ્ય

## વ્યાપાર અને વિકાસ

**ઇઝરાયલમા પશુપાલન ક્ષેત્રે ઉપયોગ થતી આધુનિક ટેકનોલોજીને નજીકથી જાણી. ઇઝરાયલની ટેકનોલોજી તથા ભારતનું ટેલેન્ટ મળીને મોદી સાહેબના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સહયોગી બનશે.**




# મહિલા પશુપાલક: બનાસ ડેરીની પ્રગતિનું પાયાનું બળ

બનાસ ડેરીની સફળતાની ગાથામાં નારી શક્તિનું યોગદાન એ સોનેરી અક્ષરે લખાયેલો અધ્યાય છે.

બનાસ ડેરી ગર્વ સાથે કહે છે કે બનાસકાંઠાની લાખો મહિલા પશુપાલકો માત્ર દૂધ ઉત્પાદક નથી, પરંતુ બનાસકાંઠા-બનાસ ડેરી- ગુજરાત રાજ્ય અને ભારત દેશના આર્થિક વિકાસનાં આધારસ્તંભ અને સામાજિક પરિવર્તનનાં પ્રેરક છે.

સવારની વહેલી પહોરથી માંડીને મોડી રાત સુધી પશુઓની માવજત અને દૂધ દોહવાની પ્રક્રિયામાં તેમનું સમર્પણ, મહેનત અને ઝીણવટભર્યું ધ્યાન જ ડેરીને વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા બનાવવામાં નિર્ણાયક સાબિત થયું છે.

મહિલાઓએ પશુપાલનને માત્ર વ્યવસાય નહીં, પણ સંસ્કાર અને સશક્તિકરણનું માધ્યમ બનાવ્યું છે. તેમના જ્ઞાન અને કુશળતાને સન્માન આપીને, બનાસ ડેરી તેમને આર્થિક સ્વતંત્રતાના માર્ગે અગ્રેસર કરી શકી છે.

બનાસ ડેરી પરિવાર તેમની અથાક મહેનત અને અતૂટ વિશ્વાસ ને સલામ કરે છે. જ્યાં નારી શક્તિનું સન્માન થાય છે, ત્યાં પ્રગતિ આપોઆપ આવે છે – અને આ જ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીનું 'સહકારથી સમૃદ્ધિ' નું મોડેલ છે."







# સહકાર દ્વારા સમૃદ્ધિ અને શિક્ષણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે ગાંધીનગર ખાતે 'બનાસ કેરિયર એકેડમી' નો શુભારંભ



બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. (બનાસ ડેરી) દ્વારા સંચાલિત બનાસ કેરિયર એકેડમીનો ભવ્ય શુભારંભ તાજેતરમાં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો, જે બનાસકાંઠા સહિત સમગ્ર સરહદીય વિસ્તારના યુવાનો માટે આશાનું નવું કિરણ લઈને આવ્યો છે. શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રસેવાના ત્રિવેણી સંગમ સમાન આ એકેડમીનું ઉદ્ઘાટન બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે વેદ સ્કૂલ ફોર એક્સલન્સ કેમ્પસ, રાંધેજા-પેથાપુર રોડ, ગાંધીનગર ખાતે થયું હતું. આ ઐતિહાસિક પ્રસંગે બૃહદ્ બનાસકાંઠા જિલ્લાના સિવિલ સર્વિસિસના સર્વિંગ અને નિવૃત અધિકારીશ્રીઓ અને જિલ્લાના આગેવાનશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે આ સંકલ્પને વધુ બળ પૂરું પાડ્યું હતું.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "આપણે દૂધ ઉત્પાદનમાં દેશમાં પ્રથમ છીએ, પરંતુ હવે સમય આવી ગયો છે કે આપણા બનાસકાંઠાના યુવાનો જ્ઞાન અને સરકારી સેવામાં પણ ટોચ પર હોય. સરહદીય વિસ્તારના યુવાનોમાં સપના છે, તાકાત છે, પણ યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે. બનાસ કેરિયર એકેડમી એ જ સપનાથી સેવા સુધી પહોંચાડતું જ્ઞાનમંદિર બનશે." તેમણે ઉમેર્યું કે, "માત્ર નોકરી મેળવવી એ અમારો ઉદ્દેશ્ય નથી, પણ રાષ્ટ્રસેવાના સંસ્કાર સાથે મૂલ્યનિષ્ઠ અધિકારીઓ તૈયાર કરવા છે. બનાસ ડેરી માત્ર આર્થિક સમૃદ્ધિ જ નહીં, પણ શૈક્ષણિક અને સામાજિક સમૃદ્ધિ પણ લાવવા પ્રતિબદ્ધ છે."

આ એકેડમી ખાસ કરીને એવા યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ UPSC તેમજ GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા ઈચ્છે છે. આ અદ્યતન કોચિંગ એકેડમીમાં વિશેષ તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવશે. અહીં સ્પર્ધાત્મક પરીક્ષાના વાંચન માટે શિસ્તબદ્ધ, શૈક્ષણિક અને શાંત વાતાવરણ પૂરું પાડતી એર-કન્ડીશન્ડ રીડીંગ લાઈબ્રેરીની સુવિધા છે. સાથે જ, સમગ્ર કેમ્પસમાં CCTV ફેસીલીટી અને સતત મોનિટરિંગ માટે ટેકનોલોજીથી સજ્જ મોનિટરિંગ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, યુવાનોના સર્વાંગી વિકાસ માટે કાઉન્સેલીંગ, મેન્ટરશીપની વ્યવસ્થા અને મૂલ્ય શિક્ષણ સાથે પર્સનાલિટી ડેવલપમેન્ટ કાર્યક્રમો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. બનાસ કેરિયર એકેડમી એ બનાસ ડેરી પરિવાર દ્વારા યુવા પેઢીના સપના સાકાર કરવા અને તેમને રાષ્ટ્રની સેવામાં જોડવા માટેનું એક પવિત્ર પગલું છે.

બનાસકાંઠા જિલ્લાના ઘણા પ્રતિભાશાળી યુવા-યુવતીઓ શ્રેષ્ઠ કોચિંગ ક્લાસમાં જોડાઈને સરકારી નોકરીની તૈયારી કરવા માટે મોટા શહેરોમાં જવા ઈચ્છે છે, પરંતુ તેમની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તેઓ આ મોંઘા શહેરોમાં જઈને તૈયારી કરી શકતા નથી. યુવાનોની આ મર્યાદાને સમજીને અને તેમના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ એક અત્યંત પ્રેરક પહેલ કરી છે. તેમણે સહકાર દ્વારા જિલ્લામાં સમૃદ્ધિ અને શિક્ષણ લાવવાના ઉદ્દેશ્ય સાથે બનાસ કેરિયર એકેડમીનો શુભારંભ કર્યો છે. આ એકેડમી દ્વારા સ્થાનિક યુવાનોને ઘરની નજીક જ, આર્થિક બોજ વિના, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને માર્ગદર્શન મળી રહેશે, જે તેમના સરકારી નોકરીના સપનાને સાકાર કરવામાં મોટો આધારસ્તંભ બનશે.



# બનાસ કેરિયર એકેડમી
# શ્રેષ્ઠ સુવિધાઓ, શ્રેષ્ઠ શિક્ષણ




આદર્શ વાતાવરણ, સંપૂર્ણ વ્યવસ્થા ભર્યું કેમ્પસ



આધુનિક સુવિધાથી સજ્જ ક્લાસ રૂમ



સંપૂર્ણ સુવિધાથી સજ્જ છોકરાઓની હોસ્ટેલ



સુરક્ષિત અને સર્વે વ્યવસ્થાથી સજ્જ છોકરીઓની હોસ્ટેલ



શાંત અને સગવડભરી લાયબ્રેરી



# કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રો. એસપી સિંહ બઘેલજીએ કરી બનાસ કાશી સંકુલની મુલાકાત

વારાણસી: ભારત સરકારના માનનીય કેન્દ્રીય મંત્રી, પ્રો. એસપી સિંહ બઘેલજીએ તાજેતરમાં વારાણસીમાં સ્થિત બનાસ ડેરીના બનાસ કાશી સંકુલ મિલ્ક પ્રોસેસિંગ યુનિટની મુલાકાત લીધી હતી, જે ઉત્તર પ્રદેશના ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપનારું એક મહત્ત્વનું કેન્દ્ર છે. મંત્રીશ્રીની આ મુલાકાત ડેરી ઉદ્યોગના રાષ્ટ્રીય મહત્ત્વ અને તેની વિકાસ ક્ષમતાઓને રેખાંકિત કરે છે.

### આધુનિકીકરણ અને ગુણવત્તાનું નિરીક્ષણ

મંત્રીશ્રીએ યુનિટમાં સ્થાપિત અત્યાધુનિક ડેરી પ્રોસેસિંગ પ્રણાલીઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે દૂધના સંગ્રહથી લઈને પ્રોસેસિંગ અને પેકેજિંગ સુધીની સમગ્ર પ્રક્રિયાની માહિતી મેળવી હતી. બનાસ ડેરીની ટેક્નોલોજીકલ પ્રગતિ અને ગુણવત્તા નિયંત્રણના ધોરણોની મંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી, જે વિશ્વ સ્તરીય ઉત્પાદનો પૂરા પાડવાની બનાસ ડેરીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મુલાકાત દરમિયાન, પ્રો. બઘેલજીએ યુનિટના સંચાલકો સાથે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં ડેરી ઉદ્યોગની ભૂમિકા પર ફળદાયી ચર્ચા કરી હતી. બનાસ કાશી સંકુલ માત્ર એક ફેક્ટરી નથી, પરંતુ તે આસપાસના હજારો ખેડૂતો અને પશુપાલકો માટે આવકનો સ્થિર સ્રોત બનીને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે.

### રોજગાર સર્જન અને ખેડૂતોની આવક વધારવા પર ભાર

માનનીય મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બનાસ ડેરી જેવા પ્રોજેક્ટ્સ ખરા અર્થમાં ગ્રામીણ વિકાસ, સ્થાનિક સ્તરે રોજગાર સર્જન અને ખાસ કરીને મહિલા પશુપાલકોને આત્મનિર્ભર બનાવીને ખેડૂતોની આવક વધારવા તરફના મુખ્ય પગલાં છે. તેમણે ઉમેર્યું કે, સહકારી ધોરણે ચાલતી ડેરીઓ ગામડાંના લોકોને સંગઠિત કરીને આર્થિક સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

### આત્મનિર્ભર ભારતની સાચી દિશા

મંત્રીશ્રીએ તેમના નિરીક્ષણના અંતે સ્પષ્ટ સંદેશ આપ્યો કે, ભારતને સાચા અર્થમાં આત્મનિર્ભર બનાવવાની ચાવી ગ્રામીણ વિકાસમાં છુપાયેલી છે. તેમણે કહ્યું, "ગામડાઓનો વિકાસ, ગાય આધારિત ખેતી અને પશુપાલનને પ્રોત્સાહન આપીને 'ગામ, ગાય અને ખેડૂતો' ના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ જ આત્મનિર્ભર ભારતની સાચી અને પાયાની દિશા છે." બનાસ ડેરી આ ત્રણેય પરિબળોને સફળતાપૂર્વક જોડીને રાષ્ટ્રીય લક્ષ્યો સિદ્ધ કરવામાં મહત્ત્વનું યોગદાન આપી રહી છે.

બનાસ કાશી સંકુલની આ મુલાકાત વારાણસી અને આસપાસના પ્રદેશોના ડેરી ક્ષેત્ર માટે એક મોટું પ્રોત્સાહન છે. તે દર્શાવે છે કે, બનાસ ડેરી માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશભરમાં સહકાર અને સમૃદ્ધિનું મોડેલ સ્થાપિત કરી રહી છે.



# પ્રકૃતિ સંવર્ધનમાં બનાસ ડેરીનું ગૌરવશાળી યોગદાન

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (બનાસ ડેરી) એ તાજેતરમાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહાન સિદ્ધિ હાંસલ કરી છે, જેના માટે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. (GCMMF) – અમૂલ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.



સહકાર અને ડેરી ઉદ્યોગમાં અગ્રેસર રહેલી બનાસ ડેરીએ સામાજિક જવાબદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. GCMMF – અમૂલે 'ગ્રીન રિવોલ્યુશન બાય ટ્રી પ્લાન્ટેશન' પહેલ અંતર્ગત બનાસ ડેરીને 'પ્રશંસાનું પ્રમાણપત્ર' (Certificate of Appreciation) એનાયત કર્યું છે.

બનાસ ડેરીને આ ગૌરવવંતું સન્માન 15મી ઑગસ્ટના રોજ ગુજરાતને હરિયાળું બનાવવાના તેમના યોગદાન બદલ પ્રાપ્ત થયું છે. ડેરીના વ્યાપક નેટવર્ક અને પશુપાલક સભ્યોના સહયોગથી, બનાસ ડેરીએ કરોડોની સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સુધારણા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.




બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ GCMMF – અમૂલના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીના શુભહસ્તે આ પ્રશંસાપત્ર સ્વીકાર્યું હતું. આ પ્રમાણપત્ર બનાસ ડેરીની પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તેમના વિશાળ પાયા પરના અસરકારક કાર્યનું પ્રતીક છે. આ સન્માન દ્વારા GCMMF દ્વારા બનાસ ડેરીને તેમના પ્રયાસો ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

બનાસ ડેરીનું આ કાર્ય માત્ર બનાસકાંઠા પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર રાજ્ય અને દેશના સહકારી સંગઠનો માટે એક પ્રેરણારૂપ મોડેલ છે. જ્યારે મોટા ઔદ્યોગિક સંગઠનો પર્યાવરણીય પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે બનાસ ડેરીએ વૃક્ષારોપણ દ્વારા 'અમૂલ ગ્રીન' મિશનને મજબૂત કરીને એક હકારાત્મક સંદેશ આપ્યો છે કે પ્રગતિ અને પ્રકૃતિ સંરક્ષણ સાથે સાથે ચાલી શકે છે.





**બનાસ ડેરીના આ પ્રયાસો ગુજરાતના પર્યાવરણને વધુ સુંદર અને શુદ્ધ બનાવવામાં નિઃશંકપણે મોટી ભૂમિકા ભજવશે.**

બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદન અને સહકાર ક્ષેત્રે જ નહીં, પરંતુ સામાજિક જવાબદારી અને પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રે પણ અગ્રેસર રહેવા માટે કટિબદ્ધ છે. અમૂલ દ્વારા અપાયેલા આ પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબ, અમે પર્યાવરણના સુધારા માટે અમારું યોગદાન નિરંતર ચાલુ રાખીશું. 'અમૂલ ગ્રીન' પહેલ હેઠળ અમે અમારા વિસ્તારોમાં હરિયાળી વધારવા, હવાને શુદ્ધ કરવા અને જૈવ-વિવિધતા જાળવવાના અમારા મિશનને વધુ મજબૂત બનાવીશું.
અમે માનીએ છીએ કે 'જ્યાં હરિયાળી છે, ત્યાં ખુશહાલી છે'. આવો, આપણે સૌ સાથે મળીને આપણા ગુજરાત અને દેશને વધુ હરિયાળો બનાવીએ.



# સંકટની ઘડીમાં સહાય: બનાસ ડેરીએ રાજ્ય સરકાર સાથે મળી ૧૦ દિવસ માટે પશુઓઓને પુરો પાડ્યો ઘાસચારો





બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં સર્જાયેલી અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિએ ખેડૂતો અને ખાસ કરીને પશુપાલકોના જીવનમાં અણધારી મુશ્કેલીઓ ઊભી કરી હતી. ચારે તરફ પાણી ભરાઈ જવાથી, ખેતરો બેટમાં ફેરવાઈ જતાં પશુઓ માટેના જીવન જરૂરી એવા ઘાસચારાની ગંભીર અછત સર્જાઈ હતી. લાખો પશુધનના જીવન પર સંકટ તોળાઈ રહ્યું હતું, ત્યારે ગુજરાત સરકાર અને પ્રગતિના પ્રતીક સમાન બનાસ ડેરીએ ખભેખભા મિલાવીને એક અભૂતપૂર્વ અને તાત્કાલિક રાહત કાર્યનું આયોજન કર્યું. આ નિર્ણય માત્ર એક સરકારી જાહેરાત નહોતી, પરંતુ પશુપાલકો માટે જીવન બચાવનારું વરદાન સાબિત થયો.

આ મહાઅભિયાન હેઠળ, જિલ્લાના પૂરથી પ્રભાવિત વિસ્તારોમાં વસતા પશુપાલકો માટે ૧૦ દિવસના મફત ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવી, જેનાથી પશુધનને તાત્કાલિક રાહત મળી. આંકડાઓની વાત કરીએ તો, કુલ ૬,૮૪,૬૧૫ પશુઓ ને આવરી લેવાયા હતા અને તેમના માટે કુલ ૨૭,૩૮૪ ટન જેટલા વિશાળ જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આટલી મોટી માત્રામાં ઘાસચારાની વ્યવસ્થા કરવી એ કોઈ સામાન્ય બાબત નથી, તે ગુજરાત સરકારની સંવેદનશીલતા અને બનાસ ડેરીની કાર્યક્ષમતા દર્શાવે છે. આ રાહત કાર્ય થકી પશુઓના જીવનની સુરક્ષા સુનિશ્ચિત થઈ, જે બનાસકાંઠાના ગ્રામ્ય અર્થતંત્રનો આધારસ્તંભ છે.

સૌથી વધુ અસર પામેલા ચાર તાલુકાઓ - વાવ, સુઈગામ, થરાદ અને ભાભરમાં યુદ્ધના ધોરણે ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું. આ વિતરણ વ્યવસ્થામાં, થરાદ તાલુકામાં સૌથી વધુ ૧૪,૭૪૪ ટન ઘાસચારાની જરૂરિયાત ઊભી થઈ હતી, જ્યારે વાવમાં ૫,૭૯૮ ટન, સુઈગામમાં ૨,૬૦૬ ટન અને ભાભરમાં ૪,૨૩૩ ટન ઘાસચારાનું વિતરણ કરાયું. આ વિગતવાર આયોજન દર્શાવે છે કે, વહીવટી તંત્ર દ્વારા સ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને જ્યાં સૌથી વધુ જરૂર હતી ત્યાં રાહત પહોંચાડવામાં આવી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે સંકટ સમયે સરકાર અને સહકારી સંસ્થાઓની આ શક્તિશાળી જોડીએ પશુપાલકોને આર્થિક અને માનસિક એમ બંને રીતે મોટી રાહત આપી છે.

ખરેખર, આ એક મોટું રાહતનું પર્વ હતું. સરકારી તંત્ર અને બનાસ ડેરીના સંયુક્ત પ્રયાસોને કારણે આજે લાખો પશુધન સુરક્ષિત છે અને પશુપાલકોને પોતાના પગ પર ઊભા થવા માટે એક નવો આત્મવિશ્વાસ મળ્યો છે. આ તાત્કાલિક અને સંપૂર્ણ રાહત યોજનાએ પુરવાર કર્યું છે કે જ્યારે સંકટ આવે છે, ત્યારે સહકાર અને સંવેદનાની શક્તિથી દરેક મુશ્કેલીને પાર કરી શકાય છે. બનાસકાંઠાના પશુપાલકો આજે ફરી હસી રહ્યા છે, અને તેમના પશુધનની સલામતી એ જ આ ભગીરથ કાર્યની સૌથી મોટી સફળતા છે!



# રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્' ના ગૌરવશાળી ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે બનાસ ડેરીનાં આંગણે કરાઈ ભવ્ય ઉજવણી



વંદે માતરમ્! આ માત્ર બે શબ્દો નથી, પરંતુ ભારતીય સ્વતંત્રતા સંગ્રામની આત્મા છે, કરોડો દેશવાસીઓની માતૃભૂમિ પ્રત્યેની ભક્તિનું પ્રતીક છે. રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ના નિર્માણને ગૌરવશાળી 150 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે, ૭ નવેમ્બરના રોજ સમગ્ર દેશમાં એકતા અને દેશભક્તિની અનોખી લહેર જોવા મળી હતી, જેના પ્રણેતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું પ્રેરણાદાયી આહ્વાન હતું.

આ જ દિશામાં, એશિયાની સૌથી મોટી  બનાસ ડેરી ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જ્યાં સર્વે કર્મચારીઓએ સાથે મળીને રાષ્ટ્રીયગાનના મૂળ સ્વરૂપનું સમૂહગાન કર્યું. આ સમૂહગાન માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ ભારતની અખંડિતતા અને રાષ્ટ્રીય ગૌરવની અભિવ્યક્તિ હતી. વાતાવરણમાં દેશભક્તિનો એક અનેરો ઉત્સાહ છવાયો હતો, જેણે દરેક કર્મચારીના હૃદયમાં માતૃભૂમિ પ્રત્યેના પ્રેમને વધુ ઊંડો બનાવ્યો. તે ઉપરાંત વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' ના વિઝનને સાકાર કરવાના સંકલ્પ સાથે, બનાસ ડેરી પરિવારે સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા અને દેશની આર્થિક પ્રગતિમાં સક્રિય યોગદાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. સ્વદેશીના આ શપથ એ વાતનો પુરાવો છે કે 'વંદે માતરમ્' માત્ર ભૂતકાળની ગાથા નથી, પરંતુ વર્તમાન અને ભવિષ્ય માટેની પ્રેરણા છે.

એક અમર અવાજ: "એક ભારત, મહાન ભારત" નો સંકલ્પ

શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ રાષ્ટ્રગીત', જેણે એક સમયે સ્વતંત્રતા સંગ્રામની પ્રજ્વલિત જ્યોત તરીકે કામ કર્યું હતું, તે આજે પણ એટલું જ પ્રાસંગિક છે. આ માત્ર એક ગીત નથી; તે માતૃભૂમિને આહ્વાન છે, સ્વતંત્રતા સંગ્રામની પ્રજ્વલિત જ્યોત છે, અને એક અમર અવાજ છે જે 'એક ભારત, મહાન ભારત'ના સંકલ્પને પુનર્જીવિત કરે છે. વંદે માતરમની 150 વર્ષની ભવ્ય ઉજવણીએ, દેશના ખૂણે ખૂણે એકતા અને દેશભક્તિની લહેર ફેલાવવામાં સફળ રહી છે. બનાસ ડેરીનો આ કાર્યક્રમ દર્શાવે છે કે કેવી રીતે ઉદ્યોગ જગત પણ રાષ્ટ્રીય સંકલ્પોને અપનાવીને ' એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મૂર્તિમંત કરી શકે છે.

દરેક ભારતીય માટે સમય છે કે તે 'વંદે માતરમ્'ના મૂળભૂત સંદેશને સમજે – એટલે કે માતૃભૂમિની સેવા અને તેના ગૌરવ માટેનું સમર્પણ. બનાસ ડેરીના કર્મચારીઓએ સમૂહગાન અને સ્વદેશીના શપથ દ્વારા આ સંદેશને સાચા અર્થમાં જીવંત કર્યો છે.

# બનાસ ડેરી અને BBSSL વચ્ચે થયા ખેડૂતલક્ષી સમજૂતી કરાર બટાકાની વેલ્યુ ચેઈન મજબૂત કરીને કૃષિ ક્રાંતિ તરફ પહેલ

ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિ માટે કટિબદ્ધ બનાસ ડેરીએ તેના મૂળ ડેરી વ્યવસાયની સફળતા બાદ હવે 'બિયોન્ડ ડેરી' ક્ષેત્રોમાં પણ પગ મૂક્યો છે. ચેરમેન શ્રી શંકર ચૌધરીના માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદનમાં એશિયાની સૌથી મોટી સહકારી સંસ્થા નથી, પરંતુ તે કૃષિ ક્ષેત્રમાં પણ ક્રાંતિ લાવી રહી છે. તાજેતરમાં ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) સાથે કરવામાં આવેલો સમજૂતી કરાર (MoU) તેના 'Harvesting Happiness' (સુખની લણણી)ના ધ્યેયને મૂર્તિમંત કરે છે, જે બતાવે છે કે બનાસ ડેરી ખેડૂતોની આવક વધારવા અને તેમનો ખર્ચ ઘટાડવા માટે સતત નવીન પગલાં લઈ રહી છે.

નવી દિલ્હીમાં ૧૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિત શાહજીના માર્ગદર્શન હેઠળ કૃષિ અને સહકાર ક્ષેત્રમાં એક અગ્રણી પગલું લેવાયું, જેમાં એશિયાની સૌથી મોટી સહકારી ડેરી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. અને રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થા ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ભારત સરકારના સહકાર સચિવ શ્રી આશિષ ભૂતાનીની ઉપસ્થિતિમાં થયેલ આ હસ્તાક્ષર સમારોહનો મુખ્ય ઉદ્દેશ્ય બટાટા માટે બીજથી લઈને બજાર સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન વિકસાવવાનો અને કિસાનોની આવક વધારવાનો છે.



બનાસ ડેરીની આ પહેલ ખાસ કરીને બટાકાની વેલ્યુ ચેઈનને મજબૂત કરવા પર કેન્દ્રિત છે, જે ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે એક મોટો આર્થિક આધાર છે. આ ભાગીદારી દ્વારા, બનાસ ડેરી તેની અદ્યતન ટિશ્યૂ કલ્ચર અને એયરોપોનિક સુવિધાઓને BBSSL સાથે શેર કરશે, જેનાથી ખેડૂતોને રોગમુક્ત, ઉચ્ચ ગુણવત્તાવાળા બીજ બટાટાનો પુરવઠો સુનિશ્ચિત થશે. આ પહેલ માત્ર બિયારણની ગુણવત્તામાં સુધારો કરશે નહીં, પરંતુ વૈજ્ઞાનિક ખેતીની તાલીમ, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને સૌથી અગત્યનું, તૈયાર માર્કેટ લિંકેજ દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદન માટે સ્થાયી આવક અને સારો ભાવ મેળવવામાં મદદ કરશે.





બનાસ ડેરીના એમ.ડી. શ્રી સંગ્રામ સિંહે જણાવ્યું હતું કે આ ભાગીદારી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ 'Harvesting Happiness'ના ધ્યેય સાથે કૃષિ ટેક્નોલોજી દ્વારા સહકારી માળખાને મજબૂત કરશે, જ્યારે BBSSLના એમ.ડી. શ્રી ચેતન જોષીએ આ પગલાને ઉચ્ચ ગુણવત્તાવાળા બીજ બટાટા ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફનું મહત્વપૂર્ણ કદમ ગણાવ્યું. આવા સમજૂતી કરાર દ્વારા, બનાસ ડેરી સહકારી ક્ષેત્રમાં સંકલન અને સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે, જે કેન્દ્ર સરકારના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરે છે અને ભારતને ટકાઉ કૃષિના માર્ગે આગળ ધપાવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ નવીન પહેલને એક અનન્ય ભાગીદારી ગણાવી છે, જેના થકી બનાસ ડેરીનો 'Harvesting Happiness'નો ઉદ્દેશ્ય વધુ સાર્થક બનશે. તેમના મતે, આ પગલું સહકારિતાના પાયાને વધુ સુદૃઢ બનાવશે અને બનાસકાંઠા જિલ્લા તેમજ સમગ્ર રાષ્ટ્રના બટાકા ઉત્પાદન કરતા ખેડૂતો માટે એક આશીર્વાદરૂપ સાબિત થશે. હવે, વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા તૈયાર કરાયેલા બટાકાના ઉચ્ચ ગુણવત્તાના બીજ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાશે. બનાસ ડેરી અને બનાસકાંઠાના ખેડૂતો માટે આ એક અત્યંત સરાહનીય અને ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ છે.




# સમર્પણ, હિંમત અને સહકારની શક્તિ: બનાસ ડેરીની સશક્ત પશુપાલક શ્રીમતી માનીબેન ચૌધરીની સફળ ગાથા!

ગોવા ખાતે ઇન્ડિયન ડેરી એસોસિએશન (IDA) દ્વારા આયોજિત ગૌરવશાળી કાર્યક્રમમાં, બનાસ ડેરીનાં કર્મઠ દૂધ ઉત્પાદક શ્રીમતી માનીબેન જેસુંગભાઈ ચૌધરી (કાસરા ગામ, કાંકરેજ – બનાસકાંઠા) ને તેમના ઉત્કૃષ્ટ યોગદાન અને અથાગ પ્રયત્નો બદલ સન્માનિત કરવામાં આવ્યા. માનીબેનની આ સિદ્ધિ માત્ર તેમની વ્યક્તિગત સફળતા નથી, પણ એશિયાની સૌથી મોટી ગણાતી બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રગતિશીલ નેતૃત્વ અને પશુપાલકોના ઉત્થાન માટેના વિઝનનું જીવંત ઉદાહરણ છે.

## પડકારોથી પ્રગતિ સુધીની સફર

શ્રીમતી માનીબેન ચૌધરીની સફર સંઘર્ષ અને સ્વાવલંબનનું એક પ્રેરક પ્રકરણ છે. એક સમય હતો જ્યારે તેમનું જીવન એક સાદા માટીના મકાન અને પાણી માટેના સંઘર્ષ પૂરતું સીમિત હતું. પરંતુ, બનાસ ડેરીના મજબૂત ટેકા અને શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ અમલમાં મૂકાયેલી પશુપાલક-કેન્દ્રીત યોજનાઓથી તેમને નવી દિશા મળી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરી દ્વારા પશુપાલકોને આર્થિક અને ટેકનોલોજીકલ સહાય પૂરી પાડવામાં આવી, જેનાથી માનીબેન જેવા અનેક બહેનો માટે પ્રગતિના દ્વાર ખૂલ્યા.

## બનાસ ડેરીના સહયોગથી આવ્યું પરિવર્તન

બનાસ ડેરીનો સતત અને સક્રિય સહયોગ શ્રીમતી માનીબેનના જીવનમાં નિર્ણાયક પરિવર્તન લાવ્યો છે. શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ આધુનિકીકરણ અને પશુ કલ્યાણને પ્રાથમિકતા આપી છે. આ નીતિઓને કારણે જ શ્રીમતી માનીબેનને:

- દૂધ દોહવાની આધુનિક મશીનરી
- દૂધ કૂલિંગ સિસ્ટમ્સ
- ઇલેક્ટ્રિક ચાફ કટર
- પશુ વીમો
- ખુલ્લા શેડ માટે સહાય

જેવી સુવિધાઓ મળી. આ તમામ સાધનો અને સહાય થકી જ માનીબેન પડકારોને તકમાં પલટાવી શક્યા અને તેમના ફાર્મને આધુનિક ડેરી ફાર્મ તરીકે વિકસાવી શક્યા. આ બનાસ ડેરીનાં કારણે જ શક્ય બન્યું કે એક સામાન્ય પરિવારે ડેરી ઉદ્યોગમાં ક્રાંતિ લાવી.

## આર્થિક સશક્તિકરણની પરાકાષ્ઠા

આજે માનીબેન ચૌધરી માત્ર એક સફળ પશુપાલક જ નથી, પણ એક સફળ ઉદ્યોગસાહસિક છે.

**તેઓ 285થી વધુ પશુધન ધરાવે છે.**

**૧૩ પરિવારોના ૨૭ લોકોને રોજગારી પૂરી પાડે છે.**

**તેમની માસિક આવક આશરે રૂ.૧૯,૫૪,૦૧૭ છે, જે વાર્ષિક રૂ.૨.૩૪ કરોડ જેટલી થાય છે!**

આ વિશાળ સફળતાના પરિણામે, તેઓ ૮૦ વીઘા જમીન, એક આધુનિક ઘર, બે કાર અને ચાર ટ્રેક્ટરના માલિક બન્યા છે. તેમનું જીવન સહકારી ચળવળની સાચી શક્તિ અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વની દૂરંદેશીનું પ્રતીક છે, જેના થકી બનાસકાંઠાની મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.

બનાસ ડેરીની દરેક પશુપાલક બહેન અમારી શક્તિ છે. શ્રીમતી માનીબેન ચૌધરીની આ સફળ ગાથા માત્ર તેમની જ નહીં, પરંતુ સમર્પણ, હિંમત અને સહકારની શક્તિમાં વિશ્વાસ રાખતા લાખો પશુપાલક પરિવારોની પ્રેરણાદાયી વાર્તા છે.

બનાસ ડેરી હંમેશા મહિલા સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ રહી છે. અમારી દૂધ મંડળીઓ થકી, અમારા પશુપાલકો માત્ર આર્થિક રીતે જ નહીં, પણ સામાજિક રીતે પણ સશક્ત બની રહ્યા છે. આ પ્રકારની અદ્ભુત સિદ્ધિઓ દર્શાવે છે કે જ્યારે મહેનત, નિષ્ઠા અને સહકારી માળખાનો ટેકો મળે છે, ત્યારે કોઈ પણ પડકાર મોટો નથી.

શ્રીમતી માનીબેન ચૌધરી જેવા સશક્ત પશુપાલકોની મહેનત એ જ બનાસ ડેરીની સફળતાનો પાયો છે. તેમને અને તેમના જેવા દરેક પશુપાલકને મારા હૃદયપૂર્વકના અભિનંદન અને શુભેચ્છાઓ!"

શ્રીમતી માનીબેન ચૌધરીની આ સફળ ગાથા દેશની દરેક મહિલા માટે એક પ્રેરણા છે કે સખત મહેનત, હિંમત અને સાચા સહકારથી કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે.



# ખેડૂતોની વ્યથા સમજી, ટેકાના ભાવે ખરીદી અને રાહત પેકેજ જાહેર કરવા બદલ ગુજરાત રાજ્ય સરકારનો આભાર

**અન્નદાતાના પડખે ઊભેલી રાજ્ય સરકાર અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો બનાસ ડેરી લાખો પશુપાલક ખેડૂતો વતી હૃદયપૂર્વક આભાર માને છે.**



ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય તેવો અસાધારણ કમોસમી વરસાદ થતા રાજ્યભરના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે, જે ખેડૂતોની આર્થિક કમર તોડનારો હતો. ખાસ કરીને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં ખેડૂતોની સ્થિતિ ગંભીર બની હતી. આ કુદરતી આપત્તિની ઘડીમાં જ્યારે ધરતીપુત્રોની વ્યથા ચરમસીમા પર હતી, ત્યારે રાજ્ય સરકારે જે સંવેદનશીલતા અને ત્વરિતતા દર્શાવી છે, તે ખરેખર પ્રશંસનીય છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે પોતે અને તેમના સાથી મંત્રીશ્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણી, તે દર્શાવે છે કે રાજ્ય સરકાર ખેડૂતોના દુઃખમાં તેમની સાથે છે.

## રૂ.૧૦,૦૦૦ કરોડનું ઐતિહાસિક રાહત-સહાય પેકેજ

રાજ્યભરના ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે તેમની લાગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકારે આશરે રૂપિયા ૧૦ હજાર કરોડના રાહત-સહાય પેકેજની જાહેરાત કરીને ધરતીપુત્રો માટે એક મજબૂત ટેકો પૂરો પાડ્યો છે. આટલું મોટું સહાય પેકેજ જાહેર કરવું એ રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિ અને સંવેદનાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ નિર્ણય ખેડૂતોને આ આર્થિક સંકટમાંથી બહાર આવવા માટે નવી આશા અને હિંમત આપશે.

## ટેકાના ભાવે ખરીદીથી આર્થિક સુરક્ષા

રાહત પેકેજ ઉપરાંત, રાજ્ય સરકારનો ૯ નવેમ્બરથી આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય પણ ખેડૂતોની આર્થિક સુખાકારીની ચિંતાને દર્શાવે છે. આ પગલું ખેડૂતોને તેમના પાકનો યોગ્ય વળતર મળે તે સુનિશ્ચિત કરશે, બજારમાં ભાવ તૂટવાની ચિંતામાંથી મુક્તિ આપશે અને તેમની આર્થિક સ્થિતિને વધુ સ્થિરતા પ્રદાન કરશે.

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું નિવેદન

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાજ્ય સરકારના આ નિર્ણયો પર હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે:

"ગુજરાતના ખેડૂતોને કમોસમી વરસાદથી થયેલા નુકસાનની ઘડીમાં, રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત એ ધરતીપુત્રો માટે એક મોટી આર્થિક હૂંફ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે પોતે ખેડૂતોની વચ્ચે જઈને તેમની વ્યથા જાણી અને ત્વરિત નિર્ણય લીધો, તે દર્શાવે છે કે રાજ્ય સરકાર ખેડૂતોની સંવેદનાને કેટલી ઊંડાણથી સમજે છે. બનાસ ડેરી પરિવાર વતી, હું રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું કે તેમણે અન્નદાતાઓની ચિંતા પોતાના માથે લઈને તેમની આર્થિક સુખાકારી માટેની પ્રતિબદ્ધતા સિદ્ધ કરી છે."



## લાખો પશુપાલક અને ખેડૂત પરિવાર વતી રાજ્ય સરકારનો આભાર

બનાસ ડેરી, જે લાખો પશુપાલક ખેડૂતોના જીવન સાથે જોડાયેલી છે, તે આ તમામ ખેડૂતલક્ષી નિર્ણયોનું હાર્દિક સ્વાગત કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિશ્વાસ આપ્યો છે કે "અન્નદાતાઓની આર્થિક સુખાકારીની ચિંતા પોતાના માથે લઈને રાજ્ય સરકાર તેમની સહાયતા માટે હંમેશા પ્રતિબદ્ધ હતી, છે અને રહેશે," તે ખરેખર પ્રેરણાદાયક છે.

આ સંવેદનશીલતા અને ખેડૂતોના હિતમાં લેવાયેલા મક્કમ નિર્ણયો બદલ બનાસ ડેરી પરિવાર રાજ્ય સરકાર અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો ફરી એકવાર આભાર વ્યક્ત કરે છે. અમને વિશ્વાસ છે કે આ રાહત અને સહાય પેકેજથી ગુજરાતનો ધરતીપુત્ર ફરી એકવાર મક્કમતાથી ઊભો થશે.



## ટેકનોલોજી દ્વારા પશુપાલકોનું સશક્તિકરણ

બનાસ ડેરીએ દૂધ અને અન્ય ઉત્પાદનોના નિર્માણ તેમજ દૂધ મંડળીઓ સાથેના સંકલનમાં આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવાનું મહત્ત્વનું વિઝન અપનાવ્યું છે. આ પહેલ હેઠળ, પશુપાલકોને તેમની મહેનતનું વળતર સીધું તેમના બેંક ખાતામાં ઈ-પેમેન્ટ દ્વારા જમા કરવામાં આવે છે, જેના પરિણામે નાણાકીય વ્યવહારોમાં નોંધપાત્ર પારદર્શિતા અને ઝડપ આવી છે. વધુમાં, દૂધ જમા કરાવવા સંબંધિત તમામ મહત્ત્વની માહિતી હવે પશુપાલકોને SMS અને અમૂલ ફાર્મર્સ એપ દ્વારા નિયમિતપણે મોકલવામાં આવે છે. આનાથી તેઓ પોતાના વ્યવસાયની દરેક વિગતથી માહિતગાર રહી શકે છે, અને પોતાના કામકાજનું અસરકારક રીતે સંચાલન કરી શકે છે. ટૂંકમાં, બનાસ ડેરીના આ પગલાં માત્ર ટેકનોલોજીનો ઉપયોગ નથી, પરંતુ પશુપાલકોના જીવનને સરળ, કાર્યક્ષમ અને આર્થિક રીતે સશક્ત બનાવવાનો એક સક્રિય અને ક્રાંતિકારી પ્રયાસ છે.

